iRf

# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક ૬૬ : જુલાઈ – સપ્ટેમ્બર ૨૦૧૮

## તંત્રીસ્થાનેથી . . .

પ્રિય મિત્રો,

નમસ્કાર !

વર્ષ ૨૦૧૮ નો ત્રીજો ત્રિમાસિક ગાળો ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન માટે વિવિધ નવીન પ્રવૃત્તિઓથી વ્યસ્ત રહ્યો. છેલ્લા લગભગ ૧૭ વર્ષથી કિડનીના ક્ષેત્રમાં વિવિધ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરતી સંસ્થા, ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ નેતૃત્વ સંભાળવાનો મોકો મને મળ્યો તે માટે હું ગૌરવની લાગણી અનુભવુ છુ.

સંસ્થાની શરૂઆત થઇ ત્યારથી કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને આર્થિક સહાય આપવાનુ તેમજ તેમના પુન:વર્સન માટેની વિવિધ પ્રવૃત્તિઓ કરતી આવી છે. આ પ્રવૃત્તિઓને વધારે અર્થપૂર્ણ બનાવવા, ગરીબ દર્દીઓને મફત સારવરની સુવિધા પૂરી પાડવા માટે સંસ્થાએ હિંમતનગર ખાતે પહેલુ ડાયાલિસીસ સેન્ટર બનાવ્યુ. આ ડાયાલિસીસ સેન્ટર શ્રી ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલ, પીપલોદી, હિંમતનગરમાં કાર્યરત રહેશે. અમે ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલના તમામ ટ્રસ્ટીઓનો આભાર માનીયે છીએ.

હું દરેક ઉદાર દાતાઓ દ્વારા આ કાર્ય માટે આપવામાં આવેલા દાનની અહીં ખાસ નોંધ લઉ છુ.

સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ, લોકજાગૃતિ કાર્યક્રમ દ્વારા સંસ્થા શરૂઆતથી જ સમાજને શિક્ષિત કરતી આવી છે. સંસ્થાનુ ઉદ્દેશ્ય કીડની રોગો વિષે જાગરૂકતા વધારવાનો અને કિડની રોગોને અટકાવવાનો છે. આટલા વર્ષોમાં સંસ્થાની પ્રવૃત્તિઓનો વ્યાપ વધ્યો છે. કિડની સ્વસ્થ રહે અને તંદુરસ્ત રહે તે અંગે પ્રોત્સાહિત કરવા સંસ્થાએ એક મોબાઈલ વાન ખરીદી છે જેથી રાજ્યના દરેક ખૂણે આ પ્રવૃત્તિઓને પહોંચાડી શકાય.

ડાયાબિટીસ અને લોહીની ઊંચું દબાણ બન્ને, સામાન્ય રીતે કિડનીને ખરાબ કરવા માટે જોવા મળતા જવાબદાર પરિબળો છે. નાના ગામડાઓમાં પ્રજાજનોને શિક્ષિત કરી તેમનુ ડાયાબિટીસ અને લોહીનુ ઊંચુ દબાણ સ્થળ ઉપર જ માપીને, આ રોગો નુ વહેલુ નિદાન કરવાના હેતુથી આ પહેલ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૦ ના અંત સુધી આવી ૧૦ વાન ખરીદવાની વિચારણા કરી રહ્યા છીએ.

હું ડો.નિતીન સુમન્ત શાહ, ચેરમેન અને એમ.ડી, હાર્ટ ફાઉન્ડેશન અને રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ તરફથી મળેલી પહેલી મોબાઈલ વાન બદલ એમનો હૃદયપૂર્વક આભાર માનુ છુ.

હાલમાં કિડનીની સમસ્યાઓની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અમે નજીકના ભવિષ્યમાં હિંમતનગર, આણંદ અને ગીર–સોમનાથમાં પણ એક નવુ ચેપ્ટર સ્થાપિત કરવા જઈ રહ્યા છીએ.

મને જણાવતા ખુશી થાય છે કે, શ્રી પી. કે. લહેરી અને ડૉ. વી. એન. શાહ (ડાયાબિટોલોજીસ્ટ) હવે સંસ્થાના અમદાવાદ ચેપ્ટરના એડવાઇઝરી બોર્ડના સભ્યો છે. હું બન્નેનુ ઉષ્માભર્યું સ્વાગત કરુ છુ.

અમે કિડનીના દર્દીઓનુ જીવન વધુ સારુ બનાવવા સતત પ્રયાસ કરીએ છીએ. તેમની સારવારની ગુણવત્તા સતત સુધરતી રહે અને તેમનુ જીવન બહેતર બને તે માટે, અમે વર્ષમાં એક વાર ડાયાલિસીસ ટેકનિશિયન માટે તાલીમ વર્કશોપનુ આયોજન કરીએ છીએ.આવા એક વર્કશોપનુ આયોજન અમદાવાદમાં કરવામાં આવ્યુ હતુ જેમાં નિષ્ણાંત ડોક્ટરોને વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ વર્કશોપને સ્પોન્સર કરવા માટે અમે કોનકોર્ડ બાયોટેકના આભારી છીએ.

નારાયણ પાવરટેક પ્રાઈવેટ લિ., વડોદરા તરફથી કંપનીના CSR હેઠળ મળેલા દાનની ખાસ નોંધ લઉ છુ. તેઓએ જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓ માટે તેમની CSR પ્રવૃત્તિઓ હેઠળ દર મહિને રૂ. ૪૦,૦૦૦/– નુ દાન આપવાનુ નક્કી કર્યું છે. હું તેમની આ પહેલની પ્રશંસા કરુ છુ અને અન્ય કંપનીઓને તેમની CSR પ્રવૃત્તિઓ હેઠળ ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓને આવરી લેવા વિનંતી કરુ છુ.

હું બધા જ શુભચિંતકો, સ્વયંસેવકો અને દાતાઓનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરુ છુ, જેમના નિરંતર સહયોગથી અમને વધુ ઉત્સાહ સાથે કામ કરવાની પ્રેરણા મળે છે.

આપ સૌને તહેવારોની આ મોસમ માટે શુભકામનાઓ પાઠવુ છુ !

શુભેચ્છાઓ સહ,

ત્રિલોક પરીખ

**ત્રિલોકભાઈ પરીખ**
**ચેરમેન**

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

અમદાવાદ
૧. શ્રીમતી પ્રિતી અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. પદ્મશ્રી ડૉ. કુમારપાલ દેસાઈ
૪.શ્રી રશ્મિકાન્તભાઈ શાહ
૫. શ્રી રમેશભાઈ પટેલ
૬. શ્રી હેમંત શાહ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખા ચોના

વડોદરા
૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી જી. ડી. જાલાણી
૩. શ્રી કરણ ગ્રોવર
૪. શ્રી મહેશ શાહ
૫. શ્રી જાલ પટેલ
૬. શ્રી યોગેશ વેલાણી
૭. શ્રી મધુ મહેતા
૮. શ્રી કુંજલ પટેલ
૯. શ્રી રોહિત પરીખ

સુરત
૧. શ્રી શરદ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંત કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્ર ચોખાવાલા
૫. શ્રી મીના માંડલેવાલા
૬. ડો. પ્રફુલ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિત મહેતા
૯. શ્રી કમલેશ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદીપ કલકત્તાવાલા
૧૧. શ્રી જીતેન્દ્ર દાલીયા
૧૨. શ્રી ધિરેન થરનારી
૧૩. ડો. પ્રદિપ અટોદરીયા

## સંસ્થાના નવા સીમાચિન્હો :

## ૧: ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ પ્રથમ ડાયાલિસીસ સેન્ટર

૧૬ વર્ષથી પણ વધારે સમયથી કાર્યરત સંસ્થા, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (આઈઆરએફ) ગુજરાત રાજ્યમાં તેની પ્રવૃત્તિઓનો સતત ફેલાવો કરી રહી છે. કિડનીના રોગના ક્ષેત્રમાં રોકથામ, સારવાર, પુન:ર્વસન, શિક્ષણ અને સંશોધન માટે કામ કરવાના ધ્યેય સાથે આ સ્થાપના કરવામાં આવી હતી.

સંસ્થા જૂન ૨૦૦૨ થી 'સેવ એ લાઈફ' પ્રોગ્રામ હેઠળ કિડની નિષ્ફળતાના દર્દીઓને નાણાકીય સહાય આપી રહી છે. છેલ્લા સોળ વર્ષમાં હજારો દર્દીઓને તેમની સારવાર માટે મદદ કરવામાં આવી જેમાં હિમોડાયાલિસીસની સારવાર, એવી ફિસ્ટુલા, કિડની પ્રત્યારોપણ સર્જરી અને કિડની પ્રત્યારોપણ પછી લેવી પડતી દવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

આટલા વર્ષોમાં પહેલી વાર, જરૂરિયાતમંદ દર્દીઓને મફત ડાયાલિસીસ પ્રદાન કરવાના હેતુથી સંસ્થાએ પહેલુ ડાયાલિસિસ કેન્દ્ર બનાવ્યુ છે. આ કેન્દ્ર હિંમતનગર ખાતે આવેલ એક ચેરીટેબલ સંસ્થા, શ્રી ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલમાં બનાવવામાં આવ્યુ છે.

અદ્યતન ટેકનોલોજી સાથે પાંચ ડાયાલિસીસ મશીન આ કેન્દ્ર ખાતે મૂકવામાં આવ્યા છે જેનુ ૩ સપ્ટેમ્બર, જનમાષ્ટમીના દિવસે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ.

અમે નીચેની દાતાઓના પ્રશંસાત્મક યોગદાનને કદરપૂર્વક સ્વીકારીએ છીએ.

૧. શ્રી હેમંતભાઈ શાહ દ્વારા બે ડાયાલિસીસ મશીનનુ દાન
૨. શ્રી સુશીલભાઈ હાંડા દ્વારા એક મશીનનુ દાન
૩. શ્રી રમેશભાઇ પટેલ દ્વારા એક મશીનનુ દાન
૪. શ્રીમતી સુધાબેન ત્રિલોકભાઈ પરીખ દ્વારા એક મશીનનુ દાન
૫. શ્રી દુર્ગેશભાઇ શાહ દ્વારા RO પાણીનો પ્લાન્ટ
૬. શ્રી હાર્દિકભાઈ શાહ દ્વારા ત્રણ એર કંડિશનર્સનુ દાન

ઉદ્‌ઘાટન પ્રસંગની ઝાંખી અહીં રજૂ કરીએ છીએ.

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

રાજકોટ
૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભિમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ



ડાયાલિસીસ સેન્ટરનુ ઉદ્ઘાટન



ડાયાલિસીસ યુનિટ



પૂજા કરતા શ્રી ત્રિલોકભાઈ પરીખ અને શ્રીમતી સુધાબેન પરીખ



ડાયાલિસીસ યુનિટ

## ૨: સંસ્થાની પહેલી મોબાઇલ વાન

### Prevention First and Always !!!– આ સંસ્થાનુ ધ્યેય છે.

ભારત દેશમાં, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, કિડનીના રોગો વિશેની જાણકારી અને જાગૃતિ ખૂબ જ ઓછી છે. આનાથી મોટા પ્રમાણમાં જાગૃતિ કાર્યક્રમો કરવાની જરૂરિયાત ઉભી થાય છે. લોકોને મોટા ડાયાબિટીસ અને હાઇ બ્લડ પ્રેશર જેવા જોખમી પરિબળોથી પરિચિત કરવા, ખૂબ જ મહત્વપૂર્ણ છે.

ડાયાબિટીસ અને હાયપરટેન્શન, બંનેને છૂપા ઘાતક રોગો તરીકે ઓળખવામાં આવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) ના તાજેતરના ૨૦૧૬ ના આંકડા અનુસાર વૈશ્વિક સ્તરે અંદાજે ૪૨૨ મિલિયન પુખ્ત લોકો ડાયાબિટીસ મેલિટસ સાથે જીવે છે. ડાયાબિટીસનો ફેલાવો ઝડપથી વધી રહ્યો છે; પાછલા ૨૦૧૩ ના આંતરરાષ્ટ્રીય ડાયાબિટીસ ફેડરેશનના અંદાજ મુજબ ૩૮૧ મિલિયન લોકો ડાયાબિટીસ ધરાવે છે. જેમાંથી ૮૦% લોકો ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં રહે છે. ૨૦૩૦ સુધીમાં આ આંકડો લગભગ બમણો થવાની શક્યતા છે.

વધુ ચિંતાજનક હકીકત એ છે કે ડાયાબિટીસવાળા લગભગ 50% લોકોમાં  નિદાન જ થયુ હોતુ નથી. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ ઇન્ડિયા ડાયાબિટીસ સ્ટડી (ICMR-INDIAB અભ્યાસ) દર્શાવે છે કે ૨૦૧૧ માં ભારતમાં ૬૨.૪ મિલિયન લોકો ડાયાબિટીસ ધરાવતા હતા. આ સંખ્યા ૨૦૩૦ સુધીમાં ૧૦૧.૨ મિલિયન સુધી પહોંચવાની ધારણા છે.

ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અનુસાર, ભારત દેશમાં લોહીનું ઊંચું દબાણ, એ માંદગી અને  મૃત્યુદર માટે  એક મુખ્ય જવાબદાર કારણ ગણી શકાય અને તે ભારતમાં કુલ મૃત્યુના  લગભગ ૧૦.૮ ટકા મૃત્યુ માટે જવાબદાર છે.

આ બાબતે અમારી પ્રતિબદ્ધતાને વળગી રહીને અમે આ કાર્યક્રમમાં હાજર દરેક વ્યક્તિનુ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસને માપવાની મૂળભૂત સુવિધાઓ સ્થળ ઉપર જ પ્રદાન કરવાનો નિર્ણય લીધો છે અને સાથે સાથે જરૂરી માર્ગદર્શન પણ આપીશુ. આ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે મોબાઇલ વાન ખરીદી છે, જેના માટે અમને નીચેના દાતાઓ તરફથી સહાય મળી છે.

૧. ડો. નિતીન સુમંત શાહ, ચેરમેન અને એમડી, હાર્ટ ફાઉન્ડેશન અને રીસર્ચ ઇન્સ્ટીટયુટ
૨. શ્રીમતી સુધાબેન ત્રિલોકભાઈપરીખ

અમારુ મુખ્ય ધ્યાન ગ્રામીણ ક્ષેત્રો રહેશે. અમે ખૂબ આશાવાદી છીએ કે વહેલુ  નિદાન અને વહેલી સારવાર  ચોક્કસપણે લોકોને યોગ્ય સમયે  મદદ કરશે, મોટી મુશ્કેલીઓને રોકશે અને ચોક્કસપણે તેમને  તંદુરસ્ત  રાખશે અને વધુ સારું જીવન આપશે.

મોબાઇલ વેનની એક ઝલક  અહીં રજૂ કરીએ છીએ.











**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

મહેસાણા
૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ આઈ. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઇ બી. પટેલ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી.ડી.પટેલ
૭. શ્રી સંદિપભાઈ શેઠ

# જાગૃતિ કાર્યક્રમો

કોરોનરી ધમની રોગ (સીએડી), ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, કિડનીના રોગો અને કેટલાક ચોક્કસ કેન્સર હવે માંદગી અને મૃત્યુદરના મુખ્ય સ્ત્રોત બની રહ્યા છે. આ રોગોને રોકવા માટે જીવનશૈલીમાં બદલાવની જરૂર પડશે, ખાસ કરીને આહાર અને શારીરિક પ્રવૃત્તિ.

હાઈ બ્લડપ્રેશર અને ડાયાબિટીસની યોગ્ય સારવાર થાય અને રોગ નિયંત્રણમાં રહે તે માટે શિક્ષણ ખૂબ જ મહત્વનો ભાગ ભજવશે.

આપણે જાણીએ છીએ કે આ રોગો અંગેની માહિતી તેને લગતા ઘણા પ્રશ્નોને ઉકેલશે જેથી યોગ્ય સારવાર થશે, જાગૃતિ કાર્યક્રમો થકી કિડનીના રોગોની રોકથામ માટેની માહિતીના આપવાનુ કાર્ય અવિરતપણે કરવામાં આવે છે.

દર મહિને સંસ્થા રાજ્યમાં ૫૦ થી પણ વધુ જાગૃતિ અને નિદાન કેમ્પ કરે છે. આ ત્રિમાસિક ગાળા દરમિયાન ૧૮૭ કાર્યક્રમો યોજાયા હતા. બે મોટા જાહેર જાગૃતિ કાર્યક્રમો પણ અમદાવાદ (વરિષ્ઠ નાગરિકોની ક્લબ સાથે ) અને પાટણ (બેંક ઓફ ઈન્ડિયાના નિવૃત્ત કર્મચારીઓ સાથે) ખાતે યોજાયા હતા. અમે બધા સ્વયંસેવકોનો તેમના મૂલ્યવાન સહયોગ બદલ અને ડો. ગૌરાંગ ગાંધી (યુરોલોજિસ્ટ) તેમજ ડૉ. જે.જે. ઠક્કર (ફિઝિશિયન) નો આભાર માનીએ છીએ.



શ્રોતાઓને માહિતગાર કરતા ડો. જે.જે. ઠક્કર



શ્રોતાઓને માહિતગાર કરતા ડો. ગૌરાંગ ગાંધી



બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળ, પાલનપુર



ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ



L & T સ્કીલ ડેવલમેન્ટ ટ્રેઈનિંગ સેન્ટર



સાર્વજનિક મહિલા કોલેજ, મહેસાણા

# ડાયાલિસીસ ટેક્નિશિયન માટે ટ્રેઈનીંગ વર્કશોપ

ડાયાલિસીસ ટેકનિશિયન કિડની નિષ્ફળતાના દર્દીઓની સારવારમાં મહત્વની ભૂમિકા ભજવે છે. નિયમિત સમયાંતરે તેમના જ્ઞાનને તાજુ કરવુ અને તેમને તેમના ક્ષેત્રમાં થતી પ્રગતિની જાણ કરવી, ચોક્કસપણે કિડની દર્દીઓની સારવારની ગુણવત્તા સુધારવામાં મદદ કરે છે. દર વર્ષે, આ પ્રકારના વર્કશોપ સંસ્થા દ્વારા ગોઠવવામાં આવે છે જેમાં નિષ્ણાતો દ્વારા બધા જ ડાયાલિસીસ ટેકનિશિયનોને તાલીમ આપવામાં આવે છે. આવા એક વર્કશોપ અમદાવાદમાં યોજવામાં આવ્યુ હતુ અને નીચેના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

૧. ડૉ. જય પટેલ, નેફ્રોલોજિસ્ટ – વાસ્ક્યુલર એક્સેસ કેર<br>
૨. ડૉ. ઉમેશ ગોધાણી, નેફ્રોલોજિસ્ટ – હિપેટાઈટિસ–બી અને સી નિવારણ<br>
૩. ડૉ. હસિત પટેલ, નેફ્રોલોજિસ્ટ – હિમોડાયાલિસીસ માટે વપરાતા પાણીની ગુણવત્તા

અમદાવાદ, વડોદરા અને નડિયાદના ડાયાલિસીસ ટેકનિશિયન મિત્રોએ આ વર્કશોપમાં ભાગ લીધો હતો. ત્યારબાદ અમારા સ્વયંસેવકો શ્રી રૂપેશભાઈ શાહ, શ્રી ધવલભાઈ પટેલ અને કુ. વિશ્રુતી દ્વારા નાનો મનોરંજન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

આ વર્કશોપ કોનકોર્ડ બાયોટેક લિમિટેડ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યુ હતુ. અમે બધા સેવાભાવી તબીબો, સ્વયંસેવકો અને સ્પોન્સરનો તેમના પ્રદાન અને સહયોગ માટે આભારી છીએ.




શ્રી ત્રિલોકભાઈ પરીખ અને ડો. ઉમેશ ગોધાણી



ટેકનિશિયનોને માહિતી આપતા ડો. જય પટેલ અને ડો. હસિત પટેલ

## પ્રેરણા

'પ્રેરણા' એક પુનર્વસન કાર્યક્રમ છે જે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ઑક્ટોબર ૨૦૦૨ થી કિડનીના દર્દીઓના જીવનની ભાવનાત્મક સ્થિરતા અને ગુણવત્તા સુધારવા માટે ચલાવવામાં આવે છે.



પ્રેરણા સભ્યોને સંબોધતા શ્રીમતી માધવીબેન દેસાઈ



પ્રેરણા સભ્યોને માહિતા આપતા ડો. વત્સા પટેલ

ભાવનગર<br>
૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ<br>
૨. શ્રી સુનિલભાઈ વડોદરીયા<br>
૩. ડો. શ્રી સી.બી. ત્રિપાઠી<br>
૪. શ્રી અશોષભાઈ ત્રિવેદી<br>
૫. શ્રી ચેતન કામદાર<br>
૬. શ્રી રાજુભાઈ બક્ષી

# અંગદાન દિવસ

અંગદાન દિવસ દર વર્ષે ૧૩ ઑગસ્ટના રોજ ભારતમાં ઉજવાય છે. અંગ દાન વિષે જાગૃતિ લાવવાનો તેમજ સમાજને આ મુદ્દા અંગે સંવેદનશીલ બનાવવા માટે અંગ દાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. અમે વિવિધ સંસ્થાઓ સાથે મળીને રાજ્યભરમાં ઘણા કાર્યક્રમો ગોઠવ્યા હતા.

અમદાવાદમાં બે જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા જેમાં સહભાગીઓને અંગ દાનના  મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા. નોંધપાત્ર ઘટના એ છે કે ભાવનગરની  ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, શ્રી દોલત અનંત વાલિયા હાઇસ્કુલ અને તેજસ્વી શાળામાં એક ચિત્ર સ્પર્ધા  યોજવામાં આવી હતુ  જેમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ખૂબ અર્થપૂર્ણ ચિત્રો બનાવ્યાં. અમે અહીં કેટલાકને રજૂ કર્યા છે.

પ્રથમ વખત, જૂનાગઢમાં ત્રિમૂર્તિ હોસ્પિટલ, સત્યમ સેવક યુવક મંડળ અને મહાત્મા ગાંધી શાળા નર્સિંગના સહયોગમાં એક રેલી યોજાઈ હતી. તે સન્માનની બાબત છે કે  કેટલાંક પ્રજ્ઞાચક્ષુ બહેનોએ પણ આ રેલીમાં ભાગ લીધો હતો.

વડોદરામાં એક પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી જેમાં ડો. કમલેશ પરીખે, નેફ્રોલોજિસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન, અંગ દાન સબંધિત મુદ્દાઓ પર મહિતી આપી હતી. અમારા એડવાઈઝરી બોર્ડ સભ્યો અને સ્વયંસેવકોએ વ્યસ્ત ક્રોસ રોડ પર સુરત ખાતે પ્લેકાર્ડ પ્રદર્શન કર્યું હતુ.




કુ. હિરલ બી. વાઘેલા, શ્રી દોલત અનંત વાલિયા હાઇસ્કુલ




પ્રગતિ એ. ગોહિલ, તેજસ્વી પ્રાથમિક સ્કૂલ



જૂનાગઢ ખાતે રેલી



ભાવનગર ખાતે રેલી



સુરત ખાતે પ્લેકાર્ડ દ્વારા પ્રદર્શન




વડોદરા ખાતે પ્રેસ કોન્ફરન્સ

## અમારા સ્વયંસેવક, શ્રી દેવનિશભાઈ દેસાઈની પ્રેરણાત્મક વાત તેમના પોતાના શબ્દોમાં:


શ્રી દેવનિશભાઈ દેસાઈ

મારા કિડનીની નિષ્ફળતાના નિદાન બાદ ડોક્ટરોએ મને ડિસેમ્બર ૧૯૮૮ માં ટ્રાન્સપ્લાન્ટેશન માટે જવાની સલાહ આપી હતી અથવા મારે સતત ડાયાલિસીસની સારવાર લેવી પડે . હું ખૂબ નસીબદાર વ્યક્તિ હતો જેની પાસે પરિવારમાં જ દાતાઓની સૂચિ હતી. મારા પપ્પા, મમ્મી, મોટી બહેન અને નાનો યુવાન ભાઈ સહિતનો મારો સંપૂર્ણ પરિવાર મને કિડની દાન આપવા આગળ આવ્યો. મારી માતા અને બહેનની કિડની મેચ થતી નહોતી. મારા પિતાના કિડની મારી સાથે મેચ થતી હતી અને તરત જ તેઓ દાન કરવા સંમત થયા હતા. માર્ચ ૧૯૮૯ માં મારૂ કિડની પ્રત્યારોપણ થયુ. મને આનંદ થાય છે કે મારા કિડની ટ્રાન્સપ્લાન્ટના ૩૦ વર્ષ માર્ચ ૨૦૧૯ માં પૂર્ણ થશે.

વર્ષ ૨૦૧૨ માં ૬ વર્ષ પહેલાં મારા પિતાને ગુમાવ્યા. તે ખૂબ જ તંદુરસ્ત જીવન જીવ્યા અને લીવરની સમસ્યાને લીધે મૃત્યુ પામ્યા. હું મારા કુટુંબ અને ડોક્ટરોએ મને નવુ જીવન આપ્યુ તે માટે હંમેશા તેમનો ઋણી રહીશ.

કિડનીના દર્દીઓને કેટલીક સરળ સલાહ: તમારી ઇચ્છા શક્તિને મજબૂત રાખો અને તમારા ભવિષ્ય વિશે ચિંતા કરશો નહીં. તમે જલ્દી જ તમારા સામાન્ય જીવનમાં ફરી પાછા ફરશો. ફક્ત તમારા ડૉક્ટરની સલાહમાં વિશ્વાસ કરો અને તેના પ્રિસ્ક્રિપ્શન પ્રમાણે દવા અને આહારને અનુસરો. શારિરીક તાણનુ કારણ બને તેવા કામ ટાળો. માત્ર ઉકાળેલુ પાણી પીવો અને ચેપ ટાળવા અને સારુ જીવન જીવવા માટે તંદુરસ્ત ખોરાક ખાઓ.

દેવનીશભાઈ વર્ષ ૨૦૦૪ થી ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનના ખૂબ જ સક્રિય સ્વયંસેવક છે. તેઓ સંસ્થા દ્વારા યોજાતી દરેક પ્રવૃત્તિમાં સહાય કરે છે. કિડની નિષ્ફળતા પછીની જીવનની સફરને અહી રજૂ કરવા બદલ અમને ખૂબ ગર્વ થાય છે. અમને ખાતરી છે કે તેમની જીવનગાથા ઘણા કિડની દર્દીઓ, તેમના પરિવારો અને સમાજને માટે પ્રેરણાદાયી બની રહેશે .

દર્દશામક દવાઓ (Painkillers) અને કિડની

ઍનાલ્જેસિક નેફ્રોપથી (Analgesic Nephropathy) એ કિડનીનો એવો રોગ છે જે વર્ષો સુધી દર્દશામક દવાઓના રોજીંદા વપરાશના કારણે થાય છે. અગાઉ એસ્પિરીન, ફીનાસેટીન અને કેફીન ધરાવતી એપીસી દવાઓ જે દવાની દુકાનેથી પ્રાપ્ય હતી તે એનાલ્જેસિક નેફ્રોપથી માટે મોટા પ્રમાણમાં જવાબદાર હતી. વર્ષ 2005 પહેલા ANZ રજિસ્ટ્રી દ્વારા ANZ વિસ્તારમાં નોંધવામાં આવેલ કિડનીના રોગોના 10% કિસ્સાઓમાં દર્દશામક દવાઓનો દુરુપયોગ જવાબદાર હતો. ત્યારથી વિવિધ દેશોમાં ફીનાસેટીન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હાલમાં એસ્પિરીન, આઇબુપ્રોફેન અને નેપ્રોક્સેનના લાંબા ગાળાના ઉપયોગને ઍનાલ્જેસિક નેફ્રોપથીના વધતા જતા પ્રમાણ માટે જવાબદાર ગણવામાં આવ્યો છે.

ડાયક્લોફેનેક અને એસીલોફેનેક, સૌથી વધુ નુકસાનકારક દવાઓ છે. COX 2 ઇન્હિબિટર દવાઓ એટલે કે રોફેકોક્સિબ અને ઇટોરીક્સિબ પણ કિડનીને નુકસાન પહોંચાડી શકે છે, ખાસ કરીને મોટી ઉમરના લોકોમાં. ડાયક્લોફેનેક ધરાવતુ જેલ અને સ્પ્રે સ્થાનિક રીતે કામ કરતા દર્દશામક તરીકે જાહેર કરવામાં આવે છે પરંતુ તે સાચુ નથી. પીડાને દૂર કરતી દવાઓ જેનુ નોંધપાત્ર શોષણ ત્વચા દ્વારા થાય છે તે કિડનીને નુકસાન પહોંચાડી શકે છે. હર્બલ દવાઓ જે પીડા રાહત માટે પણ જાહેરાત કરવામાં આવે છે તે કિડનીને નુકસાન પહોંચાડી શકે છે. હર્બલ દવાઓ પીડા રાહત માટે NSAID કરતા પણ ખરાબ આડઅસરો પેદા કરી શકે છે.

ઉપચાર
યોગ્ય સંભવિત ડોઝનો ઉપયોગ યોગ્ય પાણીના વપરાશ સાથે કરવો જોઈએ. અન્ય નેફ્રોટોક્સિક દવાઓનો ઉપયોગ ટાળવો જોઈએ. પેઇનકિલર દવાઓ લાંબા સમય માટે લેતા દર્દીઓએ નિયમિત મૂત્રપિંડની સમસ્યા માટે દેખરેખ રાખવી જોઈએ. જો કિડની ખરાબ થવાના લક્ષણો જણાય તો તુરંત કિડનીના કાર્યને નિયમિત કરવાની સારવાર આપવી જોઈએ.

સાવધાની !
કેટલીક વાર NSAID દવાઓના ખૂબ ટૂંકા ગાળાના ઉપયોગથી કિડની ખરાબ થઈ શકે છે. આ એક એલર્જીક પ્રતિક્રિયા છે જે એલર્જિક ઇન્ટરસ્ટીશીયલ નેફ્રાઇટિસ તરીકે ઓળખાય છે. કિડનીનુ કાર્ય અચાનક બગડે એવા કિસ્સામાં દર્દશામક દવાઓ તરત જ બંધ કરવી જોઈએ. ઘણી વખત નોંધ્યુ છે કે દર્દીઓ આયુર્વેદિક, હોમિયોપેથિક અને યુનાની દવાઓના વપરાશ અંગે જાણ કરતા નથી અને પરિણામે હાનિકારક દર્દશામક દવાઓનો સતત ઉપયોગ ચાલતો રહે છે. દર્દશામક દવાઓની સબંધિત આડ અસરો જાણવા માટે હજુ મોટા પ્રમાણમાં અભ્યાસની જરૂર છે.

ડૉ. કમલેશ પરીખ
નેફ્રોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન
વડોદરા

# આ ત્રિમાસિક સમય દરમિયાન મળેલ દાનની વિગત

## મુખ્ય દાતાઓ

| | |
|---|---|
| શ્રી હેમંતભાઈ શાહ, નવપ્રકાશ ચેરિટીઝ, અમદાવાદ | રૂ. ૧૨,૬૦,૦૦૦ |
| શ્રીમતી સુધાબેન ત્રિલોકભાઈ પરીખ, અમદાવાદ | રૂ. ૧૧,૫૦,૦૦૦ |
| શ્રી રમેશભાઈ પટેલ, મેઘમણી ઓર્ગેનિક્સ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૬,૫૦,૦૦૦ |
| શ્રી સુશીલભાઈ હાંડા, ફ્લરીશ પ્યોર ફુડ્સ પ્રા. લિ., અમદાવાદ | રૂ. ૬,૫૦,૦૦૦ |
| ડો. નિતીન સુમંત શાહ, હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ | રૂ. ૫,૦૦,૦૦૦ |
| નિરમા લિમિટેડ, અમદાવાદ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| શિલ્પ ગ્રેવર્સ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૧,૦૦,૦૦૦ |

RO પ્લાન્ટના દાતા શ્રી દુર્ગેશભાઈ શાહ
૩ એરકંડિશનર્સના દાતા શ્રી હાર્દિકભાઈ શાહ

## અન્ય દાતાઓ

| | |
|---|---|
| કોનકોર્ડ બાયોટેક લિમિટેડ, અમદાવાદ | રૂ. ૯૦,૦૦૦ |
| શ્રી વિનોદભાઈ એન. શાહ, અમદાવાદ | રૂ. ૫૦,૦૦૦ |
| શ્રીમતી પુષ્પાદેવી ઓમપ્રકાશ મહેશ્વરી, અમદાવાદ | રૂ. ૧૧,૧૧૧ |
| શ્રી બી. એસ. દોરાઈસ્વામી, ચેન્નઈ | રૂ. ૫,૦૦૦ |
| શ્રી નીરવભાઈ એન. પટેલ, અમદાવાદ | રૂ. ૪,૦૦૦ |
| શ્રી ગોવિંદભાઈ જી. ઝાલાણી, વડોદરા | રૂ. ૨,૫૦૦ |
| શ્રી પિયુષભાઇ ગાંધી, અમદાવાદ | રૂ. ૧,૫૦૦ |
| શ્રી સુવેન્દુ દત્તા, કલકત્તા | રૂ. ૧,૦૦૧ |

આજીવન સભ્યપદ (રૂ. ૫,૦૦૦)
શ્રી ગિરીશભાઈ ભાવસાર
શ્રી મહેન્દ્રભાઈ પરીખ
શ્રી નિતીનભાઈ સી. ચોકસી

## Save a life Sponsoring Renal Treatment કાર્યક્રમના દતાશ્રીઓ

### અમદાવાદ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાન્તભાઈ જે. શાહ | રૂ. ૯૬,૦૦૦ |
| શ્રી બી.એન. શાહ | રૂ. ૩,૦૦૦ |
| ડો. ધીરેન ગંજવાલા | રૂ. ૧,૦૦૦ |

### વડોદરા

| | |
|---|---|
| નારાયણ પાવરટેક પ્રા. લિ. | રૂ. ૧,૨૦,૦૦૦ |
| આલ્ફા ફાઉન્ડેશન | રૂ. ૨૧,૪૫૦ |
| શ્રી શિરીષ એચ. પંડ્યા | રૂ. ૧,૦૦૦ |

### સુરત

| | |
|---|---|
| ગીલોન ઈન્ડસ્ટ્રીઝ | રૂ. ૧૫,૦૦૦ |

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન
A-1010, ઈન્ફીનિટી, ઓડા ગાર્ડનની પાસે, ઓફ. કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર–૩૮૦૦૧૫. ફોન– ૦૭૯ ૪૦૦૨ ૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨ • સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧ • રાજકોટ: ૯૨૨૭૨– ૫૧૫૮૫ • મહેસાણા: ૮૫૧૧૧૧૪૨૫૬ • ભાવનગર: ૮૫૧૧૧૧૪૨૫૭ • ભૂજ : ૮૫૧૧૧૪૮૨૨૮
e-mail: irf@indiarenalfoundation.org visit us at: www.indiarenalfoundation.org

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G